॥ ॐ ॥

दिव्य विभूतिनुं दर्शन

25 NOV 1929

લેખક
માણુશંકર ત્રિભુવન ભટ.
સુરત–ગુજરાત.

જિજ્ઞાસુઓને વિના મૂલ્યે આપવા

પ્રકટ કરનાર
મૂળજીભાઇ તુળશીભાઈ પટેલ
અને
ગોપાળભાઈ નૃસિહભાઇ પટેલ.
દીવા—ગુજરાત.

પ્રતિ ૧૦૦૦

સં. ૧૯૮૫ ના આશ્વિન શુકલ ચતુર્થી
શ્રીમન્નાથજયંતી મહોત્સવ

ગૂજરાત વિદ્યાપીઠ ગ્રંથાલય
અમદાવાદ
ગુજરાતી કૉપીરાઈટ
૧૪૮૭૪

સુરત બરાનપુરી ભાગળ, ભાજીવાળી પોળમાં આવેલા 'શ્રી અનાવિલ બંધુ' પ્રીન્ટીંગ પ્રેસમાં ગોવિન્દજી ડાહ્યાભાઈ નાયકે છાપ્યું.

गूजरात विद्यापीठ ग्रंथालय
[गुजराती कॉपीराइट विभाग]
अनुक्रमांक १४८७४ वर्गांक
पुस्तकनुं नाम દિવ્ય ચિત્રોનું દર્શન
विषय A२.१७

॥ ॐ ॥

श्रीमन्नाथपरमात्मने नमः

દિવ્ય વિભૂતિનું દર્શન

" अपार संसारसमुद्रमध्ये निमज्जतानां शरणं किमस्ति ।
कल्याणकर्त्री च सुभाग्यलब्धा श्रीनाथपादाम्बुजदीर्घनौका ॥

[આ સંસાર રૂપી અપાર મહાસાગરમાં ડુબકાં ખાતા મનુષ્યનું સાચું શરણ, કલ્યાણ કરનારી અને મહાન સદ્ભાગ્ય વડે પ્રાપ્ત થયેલી **શ્રીનાથ**-ચરણકમળરૂપી નૌકા જ છે]

નૈયાયિકો જેને **કર્તા** કહે છે. પૂર્વમીમાંસકો **જેને કર્મ કહે છે. બૌદ્ધો** જેને **બુદ્ધ** કહે છે, જૈનો જેમને **અર્હન્** માને છે. શૈવો જેમને **શ્રીશિવ** માને છે. શાકતો જેને **શક્તિસ્વરૂપ** કહે છે, વૈષ્ણવો જેને **ગોલોકવાસી શ્રીકૃષ્ણચંદ્ર** કહે છે. સૌરો જેને શ્રીસૂર્ય કહે છે, ગાણપત્યો જેને **શ્રીગણેશ** કહે છે અને વેદાંતીઓ જેને **બ્રહ્મ** કહે છે એવા **શ્રીનાથ મહેશ્વર** ! આપશ્રીને વારંવાર વંદન છે

જનસમાજના કલ્યાણમાટેજ જેમનું પ્રાકટ્ય છે, પોતાને કંઇ પણ કર્તવ્ય કરવાપણું છેજ નહિ છતાં અન્યને બોધપાઠ આપવા સારૂ મનુષ્ય સ્વરૂપે સઘળી માનુષી કૃતિ કરી રહ્યા છો, એવા **હે નાથ** ! **હે પ્રભો** ! આપશ્રીને હમારાં કોટિ કોટિ વંદન છે.

હે કૃપાનાથ ! હે અશરણશરણ ! હે ભક્તવત્સલ પ્રભો મનુષ્ય સ્વરૂપે આપે પૃથ્વી ઉપર પધારી ધર્મનો પુનરોદ્ધાર કરી બ્રાહ્મણને ખરા બ્રહ્મત્વનું અને ક્ષત્રિયવૈશ્યને તેમના દ્વિજત્વનું ભાન કરાવી તેમને વ્યવહારિક અને પારમાર્થિક કાર્યમાં તેમના અધિકારાનુસાર

યોજ્યા છે. એટલુંજ નહિ પણ શ્રીમદ્ ભગવદ્‌ગીતામાં કહ્યું છે તેમ: ("मम वर्त्मानुवर्तन्ते मनुष्याः पार्थ सर्वशः।" હે અર્જુન ! મનુષ્યો મારા માર્ગને સર્વ પ્રકારે અનુસરે છે) અન્યને પોતાના કર્તવ્યનું ભાન કરાવવા, પોતાની દિનચર્યા દ્વારા મૂક ઉપદેશ આપી રહ્યા છે.

કામનું દહન કરવું અને મનને વશ કરવું એ બે કાર્ય સૌ કરતાં અધિક મુશ્કેલ છે, છતા આપે એ બંને કાર્યોમાં સંપૂર્ણ સફળતા પ્રાપ્ત કરી આબેહુબ આદર્શ પ્રજા સમક્ષ મૂકયો છે, એજ આપશ્રીનો મહાન્‌માં મહાન્ ઉપદેશ છે. મનુષ્ય સઘળું કરવાને સમર્થ છે, એમ આપશ્રીનું જીવન અવલોકનારને લાગ્યા વિના રહેતું નથી.

મનુષ્યોનો મોટો ભાગ ઐહિક સુખસામગ્રી મેળવવામાં એટલો બધો તન્મય બની જાય છે કે તેને પોતાની ધાર્મિક ફરજોનું ભાન રહેતું નથી એટલુંજ નહિ પણ કેટલીક નૈતિક ફરજો પણ ચૂકી જઇ માત્ર સુખ મેળવવા તરફજ તેની લાલસા રહે છે.

મનુષ્ય જન્મની ખરી સાર્થકતા શામાં રહેલી છે તે મનુષ્યનો મોટો ભાગ ભૂલી જાય છે, અને ક્ષણિક સુખ-ક્ષણભંગુર સુખ મેળવવાની ભ્રમણામાં, પૈસા પ્રાપ્ત કરી ધનવાન ગણાવામાં, ને ખોટી મોટાઈ મેળવવામાંજ મનુષ્ય જીવનની સાર્થકતા સમજે છે. દ્રવ્યપ્રાપ્તિ કરવામાં પોતાનું ખરું કર્તવ્ય માણસ ચૂકી જાય છે, પોતાનાં ધાર્મિક કૃત્યો તરફ બેદરકાર અને અનાસ્થાવાળો બને છે. તેને પરિણામે પોતાનું જોઈને પોતાની પ્રજા પણ એજ માર્ગે ગમન કરે છે અને પરંપરાએ ધર્મ દબાઈ જાય છે. પ્રમાણિકપણે દ્રવ્યપ્રાપ્તિ કરનારા બહુ ઓછા છે. અને અપ્રમાણિકપણે દ્રવ્યપ્રાપ્તિ કરનારો વર્ગ મોટો છે, હવે એવા અપ્રમાણિકપણે કરેલા દ્રવ્યોપાર્જનથી "જેવું અન્ન તેવી બુદ્ધિ" એ લોકોક્તિ પ્રમાણે તેવા વર્ગમાં સાત્વિકતા કે ધર્મપરાયણતા હોતાં નથી. કુતર્કોથી તેમનું મગજ ઊભરાયા કરતું હોય છે અને પ્રપંચાદિવડે તેમના અંતઃકરણ ઉપર પડ ચઢતાં જાય છે.

" धर्मो रक्षति रक्षितः " (આપણે ધર્મનું રક્ષણ કરીએ તો ધર્મ આપણું રક્ષણ કરે) એ સૂત્ર ભૂલાઈ જતાં, છેવટે એવા મનુષ્યો ધર્મથી ચ્યુત થઈ અવનતિમાં આવી પડે છે, અને ધર્મ અળપાઇ જાય છે.

હવે મનુષ્યો ઐહિક સુખ મેળવવામાં ઈશ્વરને ભૂલી જાય છે, પણ ઇશ્વર એવા દયાળુ છે કે તેઓ મનુષ્યને વિસારતા નથી. લોહચુંબક લોખંડની રજકણોને પોતાના તરફ ખેંચે છે એ સૌને સુવિદિત છે. પ્રભુના ભક્તો પ્રભુને બહુ વહાલા છે. એ દયાળુ પ્રભુ ભુલેલાનું ભાન ઠેકાણે લાવવા, અજાણ્યા ને જાણીતા કરવા, અંધને જ્ઞાનચક્ષુ આપવા, પોતે મનુષ્ય સ્વરૂપે પૃથ્વી ઉપર પધારે છે. આપણે જાણીએ છીએ કે જ્યાં જ્યાં જરૂર જણાઇ છે, ત્યાં ત્યાં ઈશ્વરે પોતે એવા સમાજમાં અવતાર લીધા છે. (જેમકે **શ્રીરામ, શ્રીકૃષ્ણ, શ્રીગૌતમબુદ્ધ, શ્રીશંકરાચાર્યાદિ**) અને તેમણે ધર્મનું સંસ્થાપન અને ધર્મનું રક્ષણ કર્યું છે. પૃથ્વી ઉપર તેઓ દેવસ્વરૂપે આવ્યા હોત તો જે ધર્મોદ્ધાર તેમણે કર્યો તે ન કરી શકત. એટલું જ નહિ પણ જ્યાં સુધી તેમની સ્થિતિ પૃથ્વી ઉપર રહી ત્યાં સુધી, તેમને અમુક ખાસ વ્યક્તિઓ વિના કોઈ પણ "આ ઇશ્વર છે" એવી રીતે ધારી શક્યું નહોતું, પણ તેમણે એ ઇશ્વરાવતારને પોતાના જેવા મનુષ્ય જ ધાર્યા હતા. મનુષ્યનો ઉપદેશ મનુષ્ય સહેલાઇથી ગ્રહણધારણ કરે છે, મનુષ્યનું અનુકરણ મનુષ્ય સત્વર કરવા લાગે છે. એ ન્યાયે તેમના ભક્તોએ તેમનું અનુકરણ કર્યું હતું.

આજે પણ જેઓને આપણે મહાપુરુષ તરીકે–ધર્મોદ્ધારક તરીકે–ઓળખીએ–અનુસરીએ છીએ તે સૌ ઇશ્વરના જ અવતારો છે. તેઓ ધર્મના ધોરી રાજમાર્ગ ઉપર સર્ચલાઈટ નાંખી રહ્યા છે. વળી પોતે પરમકારુણિક હોઇ કેવળ નિઃસ્વાર્થપણે અકારણ કૃપા કરનારા છે. જાતે સંકટ સહન કરીને પણ મનુષ્યોને ધર્મનું ભાન કરાવી તેમને સન્માર્ગગામી કરે છે. ને તેથીજ તેઓ જગદ્ગુરુ કહેવાય છે. જગત્‌ના અજ્ઞાનાંધકારને દૂર કરી જ્ઞાન–પ્રકાશ કરનાર તે જગદ્ગુરુ.

શ્રીમદ્ ભગવદ્ ગીતામાં કહ્યું છે કે:—

"ये यथा मां प्रपद्यंते तांस्तथैव भजाम्यहम्।"

(જેઓ જે પ્રમાણે મને ભજે છે તેમને હું તે પ્રમાણેજ ભજું છું—વાંછિત ફળ આપું છું.)

ઇશ્વરાવતારને જેઓ જેવા ભાવથી ભજે-સેવે-તેવું તેમને ફળ પ્રાપ્ત થાય છે. સામાન્ય મનુષ્ય સમજીને સેવે તો સામાન્ય મનુષ્ય જેટલું ફળ આપી શકે તેટલું તે મેળવે, મોટા માણસ સમજીને ભજે તો મોટા માણસ જેટલું ફળ આપી શકે તેટલું તે મેળવે. મહાપુરુષ સમજીને ભજે તો મહાપુરુષ જેટલું ફળ આપી શકે તેટલું તે પ્રાપ્ત કરે અને સાક્ષાત્ ઈશ્વર સમજીને ભજે તો ઈશ્વર જેટલું ફળ આપી શકે તેટલું તે પ્રાપ્ત કરે છે. કહ્યું છે કે:—

'देवे तीर्थे द्विजे मंत्रे दैवज्ञे भेषजे गुरौ।
यादृशी भावना यस्य सिद्धिर्भवति तादृशी॥"

શ્રી ઇશ્વરે જ્યાં અવતારો લીધા છે ત્યાં ત્યાં મહાન્ જગદ્ગુરુપણુંજ દાખવ્યું છે. એ જગદ્ગુરુ પ્રભુશ્રીએ વિવેકચૂડામણિમાં કહ્યું છે તેમ:—

शान्ता महान्तो निवसन्ति सन्तो
वसन्तवल्लोकहितं चरन्तः।
तीर्णाः स्वयं भीमभवार्णवं जना-
नहेतुनाऽन्यानपि तारयन्तः॥

(વસંત ઋતુની પેઠે પોતાના કોઇપણ પ્રકારના સ્વાર્થ વિના લોકોનું હિત કરનારા, ક્રોધ લોભાદિ વિકારોથી રહિત, ઉદાર હૃદયવાળા, પોતે ભયંકર સંસારસમુદ્ર તરેલા ને બીજાઓને પણ ભયંકર સંસારસમુદ્રમાંથી કોઈપણ પ્રકારના સ્વાર્થ વિના તારનારા સત્કર્મપરાયણ પુરુષો આ જગત્ ઉપર વસે છે.)

એવા જનકલ્યાણાર્થ વિચરતા અવતારી મહાત્માઓ સંસારથી દૂર રહેતા નથી, તેમનો નિવૃત્તિમય સન્યાસ હોય તો તેઓ જગત્‌ને દોરી શકે નહિ, માટે તેઓ જળમાં કમળની પેઠે સંસારમાં રહ્યા છતાં પ્રવૃત્તિમય સંન્યાસ સેવે છે. સંસારના મનુષ્યોની સાથે મનુષ્યની પેઠે રહી તેમને પોતાના સદાચરણથી બોધપાઠ આપે છે.

વૈકુંઠમાં બિરાજતા શ્રીવિષ્ણુ કરતાં કે કૈલાસમાં નિવાસ કરતા શ્રી સદાશિવ કરતાં તેમના અવતારોજ જનસમાજના કલ્યાણમાં વિશેષે કરીને હેતુભૂત છે.

જેમના અંતઃકરણ ઉપર તમોગુણાદિ બહુ અસર ન કરી શક્યાં હોય તેમને કદાચ જ્ઞાનસંપાદન કરવાની અને તે દ્વારા આત્મશ્રેય સાધવાની વૃત્તિ થાય, તો તે શાસ્ત્રવાચનમાં પ્રવૃત્તિ કરે છે, પરંતુ સદ્‌ગુરુશરણ વિના તેવાઓ પોતાને માટેનો માર્ગ નક્કી કરવામાં ને આદર્શ કલ્પવામાં ગુંચવાઈ જઈ "अतो भ्रष्ट ततो भ्रष्ट" જેવી પોતાની સ્થિતિ કરી મૂકે છે. તેવાઓને પરમકારુણિક શ્રોત્રિય અને બ્રહ્મનિષ્ઠ સદ્‌ગુરુજ મોક્ષના રાજમાર્ગ ઉપર ચઢાવવાની અનુકંપા કરે છે. માટેજ સદ્‌ગુરુનો મહિમા બહુ ભાર મૂકીને શાસ્ત્રમા કહેવામાં આવ્યો છે

નજીકના ભૂતકાળ તરફ આપણે નજર કરીશું તો જણાશે કે તે વેળા ગુજરાતમાં દ્વિજોનાં ષટ્‌કર્મોનો લગભગ લોપ થયો હતો. ઘણા બ્રાહ્મણ, ક્ષત્રિય, ને વૈશ્યો સ્વધર્મને ભૂલ્યા હતા, સંધ્યા તો માત્ર વેદપાઠીઓ કે શુકલોને ત્યાંજ હતી. ક્ષત્રિય વૈશ્યે તો પોતાને સંધ્યાદિનો અધિકાર નથી, યજ્ઞોપવીતનો અધિકાર નથી, ને શિવપૂજનનો પણ અધિકાર નથી એમ માની લીધું હતું. એટલે તે વેળા જાણે બ્રાહ્મણ અને શૂદ્ર એ બેજ વર્ણો હોય નહિ એવું વર્તન ચાલતું હતું. બ્રાહ્મણો પૈકી પણ કેટલાક અભણ બ્રાહ્મણો ગાયત્રીને ગાવંત્રી કહેતા. આટલીબધી અવનતિએ દ્વિજવર્ગ પહોંચ્યો હતો. ગુજરાતનું દ્વિજત્વ લગભગ નષ્ટ થવાની તૈયારીમાં હતું એટલે ચતુર્વર્ણના કલ્યાણાર્થે ને ધર્મના પુનરોદ્ધારાર્થે

શ્રી પ્રભુનું સૌરાષ્ટ્ર દેશમાં ષટ્કર્માનુરાગી દ્વિજોત્તમ ઋષિવંશમાં સંવત્ ૧૯૧૪ નાં અશ્વિન શુકલ ચતુર્થી રવિવારે **શ્રીમન્નાથ** સ્વરૂપે પ્રાકટ્ય થયું.

ધર્મસંસ્થાપના માટે—જન કલ્યાણાર્થે જેમનું પ્રાકટ્ય થયું છે તેઓ સંસારના ક્ષણિક સુખમાં, અરે ! સુખાભાસમાં, માયાના અટપટા રંગરાગમાં પંચવિધ વિષયોની ખેંચતાણમાં ન ફસાય એ સુસ્પષ્ટ વાત છે એટલે એઓશ્રીએ જેને માટે પોતાશ્રીનું શુભાગમન છે તે મહત્કાર્ય જુદી જુદી પ્રવૃત્તિદ્વારા આદરવું શરૂ કર્યું.

પ્રથમ તો બ્રાહ્મણાદિને સંધ્યાવંદનાદિ નિત્યકર્મમાં જોડયા. દરેક વેદનાં આહ્નિકપ્રકાશ લખીને વિનામૂલ્યે બ્રાહ્મણાદિને આપવાનો પ્રબંધ કર્યો. અતિ વ્યવસાયી અને લાંબા સમયથી જેમનો અભ્યાસ છૂટી ગયો છે તેવા બ્રાહ્મણાદિને મોટું આહ્નિકપ્રકાશ જીવનમાં ઉતારવું મુશ્કેલ પડયું ત્યારે તેવાઓને માટે કૃપા કરીને લઘુ નિત્યકર્મની નાનકડી ચોપડી તૈયાર કરી. જીવનનિર્વાહનાં સાધનો સંપાદન કરવામાં અતિ વ્યવસાયી અને સંસાર–સુખમાં રચીપચી રહેલાઓને એ નાનકડી ચોપડી પણ આચારમાં મૂકવા જેટલા સમયનો અભાવ જણાયો ત્યારે તેવાઓને માટે માત્ર એકેક પાના-પર લઘુસંધ્યા તથા લઘુવૈશ્વદેવાદિ છપાવીને મફત પૂરાં પાડવાની ગોઠવણ કરી. મતલબ કે જેમનાથી ઘણું ન બની શકે તેમણે થોડું પણ કરવું "अकरणान्मंदकरणं श्रेयः" આજે સ્વધર્મમાં થોડી પણ પ્રવૃત્તિ કરશે તે તેમાં પ્રેમ થતાં આગળ ઉપર વિશેષ પ્રવૃત્તિ કરશે, એ વિચારથી જિજ્ઞાસુઓને સહેલું પડે, તેમની શ્રદ્ધા બેસતી જાય, હૃદયમાં સદ્ભાવ ઉપજે ને ધર્મ ઉપર પ્રીતિ થાય એવા હેતુથી એ પ્રવૃત્તિ આદરી. હજી સંધ્યાદિનાં પુસ્તકો વિના મૂલ્યેજ આપવામાં આવે છે, બ્રાહ્મણની સાથે ક્ષત્રિય અને વૈશ્યોને પણ પોતાના યથાર્થ ધર્મનું ભાન કરાવ્યું. બકરાના ટોળામાં નાનપણથી ભરાઇ રહેલા વાઘના બચ્ચાની "હું બકરૂં છું" એ ભ્રમણા એક દિવસ વાઘે દૂર કરી તેમ ક્ષત્રિય વૈશ્યની "પોતે સંધ્યાદિને

માટે અને યજ્ઞોપવીતને માટે **અનધિકારી છે"** એવી ખોટી ભ્રમણાને એ કૃપાળુ પ્રભુએ દૂર કરી. તેમને શાસ્ત્રાનુસાર પ્રાયશ્ચિત્તાદિ આપી યજ્ઞોપવીત આપવામાં આવ્યું, અને તેમને સંધ્યાવંદનાદિ સ્વધર્મમાં યોજ્યા. આજે તેની પરંપરા તે વર્ગમાં ચાલી રહી છે.

પૂજ્યપાદ મહારાજશ્રીએ સનાતનધર્મના ઉદ્ધાર માટે અનેકવિધ પ્રવૃત્તિ આદરી છે સનાતનધર્મના ઉપદેશકો તૈયાર કરવા માટે આશ્રમના ખર્ચે આશ્રમમાં **શ્રીદક્ષિણામૂર્તિ સનાતનધર્મ વિદ્યાલય** નામની સંસ્થા ત્રણ વર્ષથી ચાલે છે. અને એમાં સુપાત્ર બ્રાહ્મણવિદ્યાર્થીઓને મફત દાખલ કરવામાં આવે છે. આશ્રમને અંગે સંસ્કૃત ભાષાના અભ્યાસ માટે એક પાઠશાલા પણ સ્થાપવામાં આવી છે.

પૂજ્યપાદ મહારાજશ્રીએ દ્વિજ વર્ગના ઉદ્ધાર માટે પ્રવૃત્તિ કરવા સાથે શુદ્રો અને સ્ત્રીઓને પણ તેમના અધિકારાનુસાર સ્વધર્મમાં પ્રેરવા માટે પુરાણોક્ત લઘુસંધ્યા, સૂર્યોપાસન, ઇત્યાદિ છપાવીને વિના મૂલ્યે અપાવી તેમને પણ સ્વધર્મમાં યોજ્યાં છે.

પુસ્તકોદ્વારા પણ એઓશ્રીએ ધર્મનો પ્રચાર ઘણો કર્યો છે કે જે, તે પુસ્તકોની આવૃત્તિઓ જોવાથી સ્પષ્ટ થાય છે. વેદાંતાદિના ઉત્તમ ગ્રંથોનું ઉપનિષદ્, ગીતાજી, બ્રહ્મસૂત્ર, યોગદર્શન, સાંખ્યદર્શન આદિ ગ્રંથોનું ગુજરાતીમાં સ્પષ્ટીકરણ કરી સંસ્કૃતભાષાવંચિત જનોપર તેઓશ્રીએ મહદુપકાર કર્યો છે. નાનાં મોટાં મળી એકંદર ૪૦–૪૫ પુસ્તકો એઓશ્રીએ લખ્યાં છે.

વ્યાખ્યાનોદ્વારા પણ ધર્મનું પ્રચારકાર્ય એવી ઉત્તમ રીતે થતું જાય છે કે વ્યાખ્યાનોનો લાભ શ્રોતાજનો તો પ્રત્યક્ષ લે છે, પરંતુ પ્રસંગોપાત્ વર્તમાન પત્રમાં એ વ્યાખ્યાનો છપાતાં હોવાથી ભરતખંડના જુદા જુદા ભાગમાં અને પરદેશમાં વસતા ગુજરાતી ભાષા જાણનારા મનુષ્યો પણ એ વ્યાખ્યાનોનો લાભ લઈ શકે છે.

પૂજ્યપાદ મહારાજશ્રીનાં વ્યાખ્યાનો એટલે અનેક જિજ્ઞાસુઓની હૃદયસ્થ શંકાઓનું સમાધાન, ત્રિતાપથી તપી રહેલા મનુષ્યો માટે અમૃતમય પરજન્ય, સ્વર્ગમાથી આવતી પતિતપાવની ગંગા, ગૂઢતત્ત્વજ્ઞાનનો રસમય ઉપદેશ, જિજ્ઞાસુઓના મોક્ષમાર્ગ પર પ્રકાશ પાડતી સર્ચલાઇટ, અજ્ઞાનયુકત અનેક સંશયોનું ગ્રંથીભેદન અને બ્રહ્માનંદનો આસ્વાદ. એ રસ ઝરતાં વ્યાખ્યાન જેમણે સાંભળ્યા છે તેમને અનુભવ થયો હશે કે એ વ્યાખ્યાનની શૈલી, ગંભીરતા, મર્યાદા, અસ્ખલિત વાણીપ્રવાહ, દાખલા દૃષ્ટાંતોથી વિષયને મજબુત રીતે ઠસાવવાની ઢબ, આ બધુ કોઇ અલૌકિકજ છે.

જિજ્ઞાસુઓના પત્રના ઉત્તરમાં જે કાંઇ ખુલાસા પૂજ્ય૦ મહાત્માશ્રીની સેવામાંથી લખાવાયા હોય તેના ખરડા ઉપરથી તેવા ઉત્તરરૂપ કાગળોનાં પુસ્તકો તૈયાર થાય છે. જેના ચાર પુસ્તકો (શ્રી સદુપદેશ દિવાકર) આજ સુધીમાં બહાર પડયાં છે. અને પાંચમુ તૈયાર થાય છે. એ પુસ્તકો વાચતાં અનેકવિધ શંકાઓનું સમાધાન ઘેર બેઠાં થાય છે. તેમાંથી દુઃખીઓને દીલાસો અને નાસ્તિકોને આસ્તિકતા ઘેર બેઠા મળી રહે છે.

આમ જુદી જુદી રીતે પૂજ્યપાદ મહારાજશ્રી સનાતન ધર્મનું અનેક પ્રવૃત્તિદ્વારા સંરક્ષણ કરી રહ્યા છે. એ દિવ્યમૂર્તિનાં દર્શન કરી કૃતાર્થ થવું અને તેઓશ્રીના ચરણકમળનું શરણ પ્રાપ્ત કરવું એ ખરેખર ધન્યભાગ્ય છે.

યથાવકાશ કરાચીથી માંડી દક્ષિણમાં નાસિકત્ર્યંબકેશ્વર સુધી પોતે જિજ્ઞાસુઓની વિનતિ સ્વીકારીને પરિશ્રમ વેઠીને વિચરે છે, ને ત્યા તેમને યથાધિકાર ધર્મબોધ આપી તેમના કર્તવ્યપથ ઉપર પ્રકાશ પાડી તેમને મુક્તિનો મંત્ર સમજાવે છે.

પૂજ્યપાદ મહારાજશ્રીના સમાગમમાં આવનાર દરેક સમજુ વ્યક્તિને એઓશ્રીની વ્યવસ્થા, સ્વચ્છતા, સમયપાલકતા, અને કર્તવ્યપરાયણતાએ ચકિત કરી છે. ગુરુમંત્ર આપ્યા પછી શિષ્યાની પાસે અભ્યાસ કરાવવામાં,

તેમના અંતઃકરણ ઉપરનાં પડળો કાઢવામાં એટલી તો ચોકસાઈ ને ચિવટ રાખવામાં આવે છે કે તેમણે ધર્મગ્રંથોનો કેટલો અભ્યાસ કર્યો, આંતરિક ષડ્શત્રુઓ પૈકી કયા કયા ઉપર વિજય મેળવ્યો, શમદમાદિ કેટલાં સાધન સાધ્યા, નિત્યકર્મમાં રોજ કેટલો સમય લેવાય છે, શાસ્ત્રવાચનમાં શું ચાલે છે, ને રોજ કેટલા કલાક વાંચો છો, વગેરે બાબતો ખાસ કરીને પૂછવામાં આવે છે. ચોવીશ કલાકનું (દરરોજનું) સમયપત્રક રખાવી તે પ્રમાણે અનુસરવા સતત બોધ અપાય છે.

પ્રિય વાચક બન્ધુ ! આવી પ્રથા કોઇ અન્ય સ્થલે સાંપ્રત સમયમાં જોઇ છે ?

એક ગૃહસ્થને પૂજ્યપાદ મહાત્માશ્રી ઉપર અત્યંત પૂજ્યભાવ છે પરંતુ તેમણે દીક્ષા લીધી નથી. મેં તેમને દીક્ષા લેવાનું કહ્યું તેના ઉત્તરમાં તેમણે જણાવ્યું કે "પૂજ્યપાદ મહાત્માશ્રીની દીક્ષા લેવી સહેલી નથી. આજે દીક્ષા લીધી કે કાલે દશ રૂપીઆનું ઘડિયાળ ખરીદવુંજ પડે અને સમયપત્રક પ્રમાણે વર્તી સ્વધર્મપાલન કરવુંજ પડે" આ ઉપરથી સમજી શકાય છે કે એઓશ્રી માત્ર દીક્ષા આપીને સંતોષ પામતા નથી, પણ દીક્ષિતો પાસે બરાબર કામ લઇ તેને કૃતાર્થ કરી સંતોષ માને છે. પોતેશ્રી મિનિટે મિનિટનો સદુપયોગ કરે છે અને બીજા પાસે તેનો સદુપયોગ કરાવવા ઇચ્છે છે.

પૂજ્યચરણ શ્રી આદ્યશંકરાચાર્યજીની પેઠે ધર્મસંરક્ષણાર્થે સ્થપાયલા પૂજ્ય૦ મહાત્માશ્રીના છ આશ્રમો કાઠિયાવાડમાં છે અને તે પ્રત્યેક શ્રી આનંદાશ્રમના નામથી ઓળખાય છે. તેમાંનો ગિરનારનાં ગગનવિહારી શિખરોની છાયામાં આવેલો બીલખાનો આનંદાશ્રમ મુખ્ય છે. એ સિવાય સુદામાપુરીનો, લાંબુડનો, વઢવાણનો, ધ્રાફાનો અને મોજીદડનો એમ બીજા પાંચ આશ્રમો છે.

આશ્રમની સ્વચ્છતા, વ્યવસ્થા અને આજુબાજુનું શાંત તથા પવિત્ર વાતાવરણ મનુષ્યના હૃદયમાં કોઇ ઓર ભાવ ઉપજાવે છે. પ્રાચીન ઋષિ-મુનિઓની પ્રણાલિ અને અર્વાચીન પ્રણાલિ એ બંનેનું દિગ્દર્શન અહીં થાય છે. આશ્રમમાં જતાંની સાથે એક કવિએ કહ્યું છે તેમઃ—

"સંસાર સંઘો વિસરી જવાયે;
પાપી પ્રપંચો મનમાંથી જાયે,
આહા! શી શોભા વરણી શકું રે!
જોતાં થયો સ્તબ્ધ જ છેક હું એ."

વિદ્યાલયમાં અને પાઠશાલામાં બ્રહ્મચારીઓનું પઠનપાઠન, વેદના માંગલિક ઘોષ, સ્તોત્ર અને સુભાષિત આદિનો ચાલતો મુખપાઠ ઇત્યાદિથી ગાજી રહેલો આશ્રમ ખરેખર સંસારને ભૂલાવી દે છે અને આપણને જાણે એમ લાગે છે કે—

"શિવજીતણું કૈલાસ કે વિષ્ણુતણું વૈકુંઠ કહો,
કે બ્રહ્મલોક ભૂમિપરે આનંદઆશ્રમ નાથનો."

શ્રીગુરુપૂર્ણિમા તથા કાર્તિકી પૂર્ણિમા અને એવા કોઇ મહોત્સવ પ્રસંગે ઈલાકાના જુદાજુદા ભાગમાંથી ઘણા દીક્ષિતો અહીં આવે છે, તેઓ પૈકી કેટલાક આશ્રમના વિશાળ ચોકમાં કે બાગમાં સંધ્યાવંદન કરતા હોય છે, કેટલાક ધ્યાન કરતા હોય છે, કેટલાક જપાદિમા તન્મય બનેલા હોય છે, કેટલાક ગીતા આદિનો પાઠ કરતા હોય છે ને કેટલાક સ્તોત્ર ભજન ઈત્યાદિ બોલતા હોય છે. વિભૂતિના ત્રિપુંડ્રથી સુશોભિત આ મોક્ષસાધકોનો વર્ગ આમ પોતપોતાના કર્તવ્યમાં મંડયો હોય છે તે વેળા આશ્રમનો દેખાવ જોનારને પ્રાચીન કાળના ઋષિઓના આશ્રમની ખરેખર ઝાંખી કરાવે છે.*

---

*આ દૃશ્ય બીલખાના શ્રીઆનંદાશ્રમનું છે.

એઓશ્રીના આશ્રમમાં પ્રસાદીઆ ભક્તોને સ્થાન નથી. "હરિનો મારગ છે શૂરાનો, નહિ કાયરનું કામ જોને" એ પ્રમાણે શૂરા-કર્તવ્યપરાયણ, અભ્યાસની તીવ્ર ઉત્કંઠાવાળા અને સમયપાલકતાવાળાજ શિષ્યો ચાતુર્માસ માટે ત્યાં જાય છે, રહે છે અને તત્ત્વાનુસંધાનાદિ અભ્યાસ કરે છે. સામાન્ય મનુષ્યોથી પૂજ્યપાદશ્રીની દિનચર્યામાં સાથે રહી શકાય એવું છે જ નહિ.

આપણે ભર યુવાવસ્થામાં પણ શિયાળાની સખ્ત ટાઢમાં ત્રિકાળ સ્નાન કરવામાં આળસ કરી જઇએ છીએ પણ પૂજ્યપાદશ્રી પોતાની ૭૨ વર્ષની વૃદ્ધાવસ્થામાં પણ કકડતી ટાઢ છતાં સ્નાનસંધ્યાદિમાં જરા પણ ક્ષતિ આવવા દેતા નથી. આવી તીવ્ર કર્તવ્યપરાયણતા અને દઢતાને લઇનેજ એઓશ્રીએ ખાસ કરીને સસ્કૃત ભાષાનુ તથા હિંદી, બંગાળી, મરાઠી ને અંગ્રેજી ભાષાનું જ્ઞાન પ્રાપ્ત કરવા સાથે અનેક ધર્મગ્રંથો વાંચ્યા છે, ને અનેક મતપંથોના સિદ્ધાંતોનું રહસ્ય જાણ્યું છે એઓશ્રીના આ અખૂટ જ્ઞાનભંડાર એઓશ્રીના સ્વપ્રયત્નનુંજ પરિણામ છે.

પૂજ્યપાદશ્રીમાં વિશેષ ચમત્કૃતિ તો એ છે કે પોતે પોતાનું લખવાનું કે પ્રુફ તપાસવા આદિનું કાર્ય કર્યા જાય અને સાથે સાથે જિજ્ઞાસુઓ જોડે તત્ત્વજ્ઞાન સંબંધી વાતચીત અને તેમની શંકાઓનું સમાધાન પણ કરતા જાય, એટલે એકી વખતે બે કાર્ય આવિચ્છિન્નપણે થતાં જોઇ પ્રેક્ષક આશ્ચર્યચકિત થાય છે.

એક મિનિટ પણ નિરર્થક ન જવા દેવી અને સત્કાર્યમાં જ પળેપળનો ઉપયોગ કરવો એ સૂત્ર એઓશ્રીની દિનચર્યામાં મૂર્તસ્વરૂપે જણાય છે.

શૌચ જઇ આવ્યા પછી હાથ પગ ધોતા હોય તે વેળા અને સ્નાન કરતા હોય તે વેળા પણ ભિન્ન ભિન્ન ગ્રંથાદિનું વાચન અન્ય મનુષ્યદ્વારા ચાલુ રહે છે. એટલો સમય પણ નકામો જવા દેતા નથી.

બીજી આશ્ચર્યની વાત એ છે કે આપણે કોઇને લાંબી મુદતે મળીએ છીએ તો તેમને ઓળખવામાં મોડું કરીએ છીએ, અને તેનું નામ તો લગભગ ભૂલી જ ગયેલા હોઇએ છીએ, પરંતુ પૂજ્યપાદ મહાત્માશ્રીની દૃષ્ટિતળે અનેક શિષ્યો આવી ગયેલા હોય છે, તેમાં લાંબી મુદતે કોઈ તેઓશ્રીનાં દર્શને આવે તો પણ તેનું નામ અને સ્થાન તેઓશ્રીના સ્મૃતિ-પટપરથી ખસતાં નથી,

વળી એકવાર જોયું, જાણ્યું કે વાંચ્યુ હોય તો તે બહુધા તેઓશ્રીના સ્મરણ બહાર જતું નથી. એ અનેક ગ્રંથોના ભિન્ન ભિન્ન વિષયો, અનેક દુહાઓ, ભજનો, શ્લોકો, દૃષ્ટાંતો ઇત્યાદિ તેઓશ્રીને શ્રીમુખે છે તે ઉપરથી જાણી શકાય છે.

સાધક બન્ધુઓ !

આવા પરમ કારુણિક શ્રોત્રિય અને બ્રહ્મનિષ્ઠ સદ્ગુરુનાં ચરણકમળનો આશ્રય જેમને મળ્યો છે તેમનું અહોભાગ્ય છે. એઓશ્રીના ચરણશરણથી આપણું જીવન સાર્થક કરવા આપણે કટિબદ્ધ થવું જોઇએ. જેટલું જ્ઞાન પ્રાપ્ત થઈ શકે તેટલું પ્રાપ્ત કરી તેનો અનુસર કરતાં કરતાં, તેઓશ્રીનું ધ્યાન ધરતાં ધરતાં, તેઓશ્રીના પતિતોદ્ધારક, ભવજલતારક ચરણારવિંદમાં વિશ્રાંતિ લઈ કૃતાર્થ થવું એજ આપણી ખરા હૃદયની ઉત્કટ ઉમેદ હોવી જોઈએ. પરમકૃપાલુ શ્રી**નાથમહેશ્વર** આપણી એ ભાવના સત્વર સફળ કરવા કૃપા કરો એવી તે દયાનિધિ પ્રત્યે ખરા અંતઃકરણપૂર્વક નમ્રપણે કરબદ્ધ પ્રાર્થના છે

"નમું આત્મા હાંગી, નમન લળતી દેહ નમજો,
નમું કોટિ વારે, વળી પ્રભુ નમસ્કાર જ હુજો."

असतो मा सद्गमय । तमसो मा ज्योतिर्गमय ।
मृत्योर्माऽमृतं गमय ।

પ્રાર્થના.

રાગ–દેશ.

હૃદયાંગણીએ પધારો મારા પ્રિયતમ **નાથ,**
પ્રિયતમ **નાથ** મારા સદ્ગુરુ **નાથ**...હૃદયાંગણીએ.

વાળી ઝાડી સાફ કર્યું મેં, ઉર આંગણીઉં આજ;
પરમ શુચિ મંગળમય ચિહ્નો, કર્યાં પ્રભુને કાજ...હૃદયાંગણીએ.

સદ્ભક્તિના રંગે રંગ્યો, સુખકર ઉર અવાસ;
ધ્વજ પતાકા તોરણ બાંધ્યાં, પ્રભુ સ્વાગતને કાજ...હૃદયાંગણીએ.

સિંહાસન આસન સૌ રાખ્યાં, પ્રિયતમ પ્રભુને કાજ;
આપ વિરાજો તે પર સ્વામી, કૃપા કરી મહારાજ...હૃદયાંગણીએ.
અર્ઘ્ય પાદ્ય પંચામૃત પૂજન, સ્વીકારો મમ **નાથ;**
પ્રભુ નૌતમ નૈવેદ્ય ધરીને, સેવું ચરણ તમ આજ...હૃદયાંગણીએ.

ભેટ ધરૂં શું પામરજન હું, સર્વ તમારૂં **નાથ;**
મન મારૂં તમ ચરણે ધરતાં, સફળ ગણું મમ કાજ...હૃદયાંગણીએ.

પ્રેમભક્તિથી કરૂં આરતિ, મંગળમૂર્તિ **નાથ;**
મંત્ર પુષ્પની અંજલિ અર્પું જય જય જય શિરતાજ...હૃદયાંગણીએ.

લળી લળી પાયે નમું પ્રભુને, પ્રેમે જોડી હાથ;
મુજ શિર કર ધરીને આ જીવન, સફળ કરો મમ **નાથ**...હૃદયાંગણીએ.

મ. ત્રિ. ભટ.

બ્રહ્મનિષ્ઠ મહારાજ શ્રીનથુરામશર્મા કૃતપુસ્તકો.

શ્રી ઉપનિષદો...... ...૬-૪-૦
વેદાંતદર્શન પાકું પુંઠું...૩-૮-૦
,, કાચું પુંઠું...૩-૦-૦
સાંખ્ય પ્રવચન..... ...૧-૦-૦
યોગ કૌસ્તુભ...... ...૧-૮-૦
પાતંજલયોગદર્શન ૨-૧૦-૦
પરમપદ બોધિની... ...૦-૧૪-૦
સંધ્યાનો વેદાંતાનુસાર વિચાર.૦-૧-૦
શ્રીમદ્ ભગવદ્ગીતા.... ...૩-૮-૦
નાથ સ્વરોદય...... ...૦-૩-૦
ઉલટી વાણીનું સ્પષ્ટીકરણ...૦-૧-૬
મનુષ્યમિત્ર...... ...૦-૫-૦
સ્વાભાવિક ધર્મ... ...૦-૩-૦
સુબોધકલ્પલતા... ...૦-૯-૦
સદુપદેશ દિવાકર પ્રથમકિરણ.૦ ૧૨-૦
,, દ્વિતીય કિરણ.૦-૧૨-૦
,, તૃતીય કિરણ.૦-૧૨-૦
,, ચતુર્થ કિરણ.૧-૨-૦
ઉપદેશ ગ્રંથાવલિના
અંક ૧ થી ૧૦.૦-૭-૬
,, ,, ૧૧ થી ૨૫ ૦-૮-૦
,, ,, ૨૬ થી ૩૫.૦-૮-૦
,, ,, ૩૬ થી ૫૮.૧-૨-૦
યોગપ્રભાકર...... ...૦-૪-૦
પ્રશ્નોત્તરરૂપે વિવિધ ઉપદેશ...૦-૫-૬
ગીતાદિ પંચ રત્ન સટીક...૧-૮-૦
રાસ પંચાધ્યાયી, ભક્તિપક્ષની
તથા જ્ઞાનપક્ષની વિસ્તૃત
ટીકા સહિત... ... ...૦-૫-
પ્રણવપટ... ... ...૦-૩-
પ્રણવવિસ્તાર પટ... ...૦-૨-
નાથકાવ્ય પ્રથમ ભાગ...૦-૫-
,, દ્વિતીય ભાગ...૦-૧૪
સદુપદેશમાલા પ્રથમ ભાગ...૦-૩-
પત્રકલ્પમંજરી ૦-૩-
વિનોદમાલા ૦-૫-
દુરાચાર ગિરિવજ્ર... ...૦-૪-
રુદ્રસૂક્ત પુરુષસૂક્ત ને
ઈશાવાસ્યાદિ સટીક...૦-૪-
શ્રીસૂક્ત સટીક ૦-૦-૯
વૈરાગ્યસુધાકર ૦-૧-૬
ભક્તિ સુધા... ... ...૦-૦-૬
યજુર્વેદીય આહ્નિક પ્રકાશ ... ૦-૮-૦
સનાતનધર્મનું નિરૂપણ. ...૦-૧-૬
સુવિચારચંદ્રિકા ૦-૫-
મહામંત્રમાલિકા ૦-૩-
શ્રી શંકરાચાર્યનાં અષ્ટાદશ
રત્નો...૧-૮-
વિવેકભાસ્કર પ્રથમ રશ્મિ...૦-૯-
પરમસુખી થવાના ઉપાય...૧-૦-
બ્રહ્મજ્ઞાનની પ્રાપ્તિનાં વીશ
સાધન...૦-૯-
આશૌચ વિવેક... ...૦-૧-
વર્ણ વિચાર. ૦-૧-
અંતર્યામિના આદેશો. ...૦-૧૦

ઉપરનાં પુસ્તકો મળવાનું ઠેકાણું :—વ્યવસ્થાપક, આનંદાશ્રમ
બીલખા—કાઠિયાવાડ.